

**પ્રાકૃતિક વૈભવ :** પ્રકૃતિનો વૈભવ પામવો હોય તો વહેલી સવારે પુનિત વન પહોંચી જઈએ. પુનિત વનના પ્રાકૃતિક માહોલમાં પક્ષીઓ કલસોર કરે છે. મોર, પોપટ, કબુતર, કાબર જેવા પક્ષીઓનો અનોખો રમણીય માહોલ અનુભવવા મળે છે. ગાંધીનગરના પ્રકૃતિપ્રેમીઓ દરરોજ સવારે પુનિત વનમાં ચાલવા માટે જાય છે અને સાથે સાથે પ્રકૃત્તિને મન ભરીને માણે છે. આવો અનોખો વૈભવ ઘરઆંગણે હોવા છતાં ખૂબ ઓછા સદનસીબો લાભ લઈ રહ્યો છે. ગાંધીનગરમાં વસતા નાગરિકોએ પ્રકૃતિ માણાવ બીજે ક્યાંય જવાની જરૂર નથી. પુનિત વન, સરિતા ઉદ્યોગન અને ઈન્દ્રોડા પાર્ક પ્રાકૃતિક વૈભવથી છલોછલ છે.




## દશેલા ગામના તળાવમાં માછલીઓના મોત

ગાંધીનગર જિલ્લાના દશેલા ગામના તળાવમાં મોટી સંખ્યામાં માછલીઓના મરણ થયેલ છે. રોગચાળો ફાટી નીકળે તેવી સ્થિતિ ઉભી થયેલ છે. ગામના બન્ને તળાવમાં માછલીઓ મૃત્યુ પામી હોવાથી ગામમાં વિકટ સ્થિતિનું નિર્માણ થયું છે.

# સાબરમતી રિવરફ્રંટ ખાતે માટીની કુલડીમાંથી બનાવેલા મહાત્મા ગાંધીના ભીંતચિત્રનું અનાવરણ

### સાદગી, સ્વદેશી-સ્વભાષા-સત્યાગ્રહ અને સાધનશુદ્ધિના ગાંધી-વિચારો ભારતના પુનઃ નિર્માણ માટે મહત્વપૂર્ણ : કેન્દ્રીય ગૃહ - સહકારમંત્રી

ગાંધીનગર, તા. ૩૦

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિતભાઈ શાહે શહિદ સ્મૃતિ અને ગાંધી નિવાર્ણ દિન નિમિત્તે અમદાવાદના સાબરમતી રિવરફ્રંટ હાઉસ ખાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ભીંતચિત્રના અનાવરણ પ્રસંગે જણાવ્યું હતું કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સાદગી, સ્વદેશી, સ્વભાષા, સત્યાગ્રહ અને સાધનશુદ્ધિ જેવા વિચારો ભારતના પુનઃ નિર્માણ માટે આજે પણ એટલા જ મહત્વના અને પ્રસ્તુત છે. આ ભીંત ચિત્ર ભારતના હસ્ત-કારીગરો દ્વારા નિર્મિત ૨,૯૭૫ માટીની કુલડીમાંથી તૈયાર કરવામાં આવ્યું છે.

અમિતભાઈ શાહે આ અનાવરણ પ્રસંગે જનસમૂહને સંબોધતા કહ્યું કે દુનિયાના સૌથી મોટા બ્રિટિશ સામ્રાજ્યની ગુલામીમાંથી દેશને મુક્ત કરવાનું ગાંધી - સંકલ્પબળ આપણા સૌ માટે પ્રેરણાસ્રોત બની રહ્યું છે.

આ અવસરે કેન્દ્રીય ગૃહમંત્રીએ ભારતની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ‘‘આઝાદીનો અમૃત મહોત્સવ’’ ની ઉજવણીનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં કહ્યું કે આ મહોત્સવના પગેલ ૧૮૫૭ થી લઈને ૧૯૪૭ સુધી ભારતની સ્વતંત્રતા માટે સર્વસ્વ ન્યોછાવર કરનારા સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાન વિશે ભારતની ભાવિ પેઢી માહિતગાર થશે.




તેમણે એમ પણ જણાવ્યું કે આ અમૃત મહોત્સવ એ આપણને ભારતની આઝાદીના ૧૦૦ વર્ષના લક્ષ્યાંકો નિર્ધારિત કરવાનો પણ અવસર પૂરો પાડે છે.

# કિશન ભરવાડ કેસ : શબ્બીર મૌલાના અયુબનો શાર્પશૂટર

### સાજનની હત્યા કરવા પણ સાથે લઈ ગયો હતો : હત્યા કેસમાં ફાયરિંગ કરનાર શબ્બીર ઇન્સ્ટાગ્રામ થકી દિલ્હીના મૌલાના કમરગની ઉસ્માનીના સંપર્કમાં આવ્યો હતો

અમદાવાદ, તા.૩૦

ધંધૂકામાં કિશન ભરવાડ ઉપર જાહેરમાં ફાયરિંગ કરીને મોતને ઘાટ ઉતારવાની ઘટનામાં રોજે રોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. અને આ કેસના તાર છેક દિલ્લી સુધી પહોંચ્યા છે. ત્યારે ગુજરાત એટીએસે દિલ્હીથી મૌલવી કમરગની ઉસ્માનીને પકડી પાડ્યો અને અને આજે રવિવારે અમદાવાદ એટીએસની ઓફિસ ખાલે લવાયો હતો. ત્યારબાદ આ અંગે એસપી આઈજી શેખ દ્વારા પ્રેશ કોન્ફરન્સ કરીને કેસ અંગે માહિતી આપવામાં આવી હતી. ગુજરાત એસટીએસના અધિકારી આઈજી શેખે જણાવ્યું હતું કે, ધંધૂકાના કિશન ભરવાડ હત્યા કેસ મામલે દિલ્હીના મૌલવી કરમગની ઉસ્માનીને પકડીને અમદાવાદ લવાયો છે. તેની પૂછપરછ ચાલી રહી છે. મૌલવી કમરગની કટ્ટરપંથી વિચારધારા ધરાવ છે. તે મોહમ્બ પયગંર વિરુદ્ધ અપમાન જનક શબ્દો ઉચ્ચારનાર સામે કડક કાર્યવાહી કરે છે. અને આ અગાઉ પણ તેની સામે કાર્યવાહી પણ થઈ હતી. મૌલવી કમરગની એક સંગઠન ચલાવે છે અને જે સામાજિક કાર્યો સહિત પયગંબર સામે થતી ટિપ્પણીઓ કરનાર સામે કાર્યવાહી કરવાનું પણ કામ કરે છે. તે પોતાના સંગઠનના કામ અર્થે કેટલીકવાર ગુજરાતમાં પણ આવ્યો હોવાનું પૂછપરછમાં જાણવા મળ્યું છે. એટીએસના એસપી આજી શેખે જણાવ્યું હતું કે, હત્યા કેસમાં ફાયરિંગ કરનાર શબ્બીર ગની ઈન્સ્ટાગ્રામ થકી દિલ્હીના મૌલાના કમરગની ઉસ્માનીના સંપર્કમાં આવ્યો હતો. ત્યાર બાદ શબ્બીર જમલાપુરમાં રહેતા મૌલાના આયુબ આસિમ સમા સંપર્કમાં આવ્યો હતો. આયુબે આ પહેલા પોરબંદરના સાજનની હત્યા માટે પણ તેને પોરબંદર સાથે લઈ જવામાં આવ્યો હતો. જોકે, સાજનની હત્યાનો પ્લાન નિષ્ફળ ગયો હતો. સાજને પણ પયગંબર વિરુદ્ધ ટિપ્પણી કરી હતી. ત્યારબાદ તેની સામે ફરિયાદ નોંધાતા બે મહિના સુધી જેલમાં રહ્યો હતો. હવે શબ્બીરના હાથે કિશન ઉપર ફાયરિંગ કરીને હત્યા કરાવવામાં આવી હતી. આજી શેખે જણાવ્યું હતું કે, મૌલાના આયુબ આસિમ સમાના મનમાં એક જ સ્પષ્ટ વાત હતી. જે વ્યક્તિ પયગંબરનું અપમાન કરે એની સજા મોત જ હોઈ શકે છે. આવી રીતે પોરબંદરના સાજને પણ પયગંબર વિશે અપમાન જનક ટિપ્પણી કરી હતી. જેના પગલે તેની હત્યા કરવાની કોશિશ કરી હતી. સાજનની હત્યા કરવા માટે શબ્બીરને સાથે રાખી પોરબંદરમાં રેકી હતી. જોકે, પ્લાન આખો નિષ્ફળ ગયો હતો. જોકે, કિશન ભરવાડની પણ આવી રીતે હત્યા કરવામાં આવી હતી.

## પેટલાદના યુવકને કિશનની જેમ મારી નાખવાની ધમકી

કિશન ભરવાડની હત્યાને લઈને ધંધૂકા સહિતના વિસ્તારોમાં અજંપાભરી સ્થિતિ સર્જાઈ છે, વિરોધ અને આક્રોશમાં બંધ અને મૌન રેલી યોજવામાં આવી રહી છે. આવામાં પોલીસને આ કેસમાં દિલ્હીથી એક મૌલવીની અટકાયત કરવામાં આવી છે અને તેમાં કેટલાક મહત્વના ખુલાસા થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. આ બધાની વચ્ચે આણંદના એક યુવકને પણ હત્યાની ધમકી આપવામાં આવી હોવાની વિગતો સામે આવી રહી છે. આણંદના પેટલાદમાં એક યુવકને કિશન ભરવાડની જેમ મારી નાખવાની ધમકી મળી છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સમાં સામે આવતી વિગતો પ્રમાણે વિધર્મી યુવકે જાનથી મારી નાખવાની ધમકી આપી છે. યુવકે મૂકેલા સ્ટેટસ બાબતે મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. આ સાથે આ મામલે એક ઓડિયો પણ વાયરલ થઈ રહ્યો છે. આ મુદ્દો ધંધૂકાની જેમ મોટો થાય તે પહેલા જ પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## મેઘરજના અંતરીયાળ ગામો પ્રત્યે એસ.ટી. તંત્રનું ઓરમાયું વર્તન

મેઘરજ તાલુકાના અંતરીયાળ ગામો પ્રત્યે એસ.ટી. તંત્ર ઘણા સમયથી ઓરમાયું વર્તન કરી રહ્યું છે. મનસ્વી રીતે ગામોમાં દોડતી એસ.ટી.ના રૂટ રદ કરાય છે જેના કારણે મુસાફર જનતામાં કચવાટની લાગણી છે. એસ.ટી. સત્તાવાળાઓ સમક્ષ રજૂઆત કરવા છતાં ઈસરી, રેલ્લાવાડા સહિતના વિસ્તારોમાં એસ.ટી. ની સેવા ઉપર મરજી મુજબ કાપ મૂકવામાં આવી રહ્યાના આક્ષેપ થઈ રહ્યા છે. મોડાસા એસ.ટી. ડેપોનો વહીવટ રામ ભરોસે ચાલતો હોય તેવી સ્થિતિ છે. ડેપો મેનેજર કરતાં પણ એસ.ટી. પોઈન્ટ ઉપર ધામા નાખીને કેબિનમાં બેસતા ચોક્કસ કર્મચારીઓ આખા ડેપોનો વહીવટ કરતા હોય તેવી તાસિર જોવા મળી રહી છે. મરજી મુજબ રૂટ રદ કરી દેવામાં આવતાં ગામડાંના મુસાફરો મુશ્કેલી અનુભવતા હોય છે તેમાંય એસ.ટી. વિભાગને આદિવાસી વિસ્તારો પ્રત્યે સુગ હોય તેમ એસ.ટી.ની સેવાઓ વધારવાને બદલે જે રૂટ નિયમિત ચાલતા હોય તેમાં પણ અનિયમિતતા રખાતી હોય છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૯૩૯૫ કેસ, ૩૦ના મોત

### રસીકરણના મોરચે સરકાર મજબુતીથી લડી રહી છે, રાજ્યમાં આજે ૮૮૧૧૭ લોકોનું રસીકરણ કરાયું હતું

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં છેલ્લા લાંબા સમયથી કોરોનાના કેસ બેકાબુ થયા હોય તેવી રીતે વધી રહ્યા હતા. જો કે અચાનક ત્યાર બાદ ઘટવા પણ લાગ્યા હતા. ગુજરાતમાં આજે કોરોનાના ૯૩૯૫ કેસ નોંધાયા હતા. જે અત્યાર સુધીની તુલનાએ ખુબ જ ઓછા હતા. બીજી તરફ ૧૬૦૬૬ દર્દીઓ રિકવર પણ થયા હતા. અત્યાર સુધીમાં ગુજરાતમાં કુલ ૧૦,૫૨,૨૨૨ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૧.૧૮ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૮૮,૧૧૭ નાગરિકોનું રસીકરણ કરાયું હતું. હાલમાં રાજ્યમાં ૯૧૩૨૯ એક્ટિવ કેસ છે. જે પૈકી ૨૭૮ વેન્ટિલેટર પર છે. જ્યારે ૯૧૦૪૨ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં ૧૦૫૨૨૨૨ ડિસ્ચાર્જ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૦૪૩૮ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૩૦ નાગરિકોનાં મોત થયા હતા. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૮, વડોદરા કોર્પોરેશન ૩, રાજકોટ કોર્પોરેશન ૩, સુરત કોર્પોરેશન ૩, રાજકોટ ૧, સુરત ૩, મહેસાણા ૧, ગાંધીનગર ૧, અમદાવાદ ૧, ભરૂચમાં ૩, જામનગર કોર્પોરેશન ૧, મોરબી ૧ અને જામનગરમાં ૧ સહિત કુલ ૩૦ લોકોનાં મોત થયા છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૯ ને પ્રથમ ૮૭૦ ને બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉમરના ૨૭૭૪ ને પ્રથમ અને ૧૧૮૫૦ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૧૧૬૯૨ ને પ્રથમ ૩૨૬૩૭ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૮ વર્ષના ૧૦૬૮૧ ને પ્રથમ અને ૧૭૬૦૪ લોકોને પ્રીકોર્શન ડોઝ અપાયા હતા. આ પ્રકારે આજના દિવસમાં કુલ ૮૮,૧૧૭ રસીના ડોઝ આજે અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૯,૭૬,૮૬,૮૩૯ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

### ડ્રાફ્ટ બજેટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપા દ્વારા વિકાસ કાર્યો પણ હાથ ધરવાના છે અને તેમાં શહેરના સંતુલિત વિકાસ માટેનો માર્ગ પસંદ કરવો પડશે.

ગાંધીનગર શહેરમાં નવા ભેળવવામાં આવેલા વિસ્તારોમાં માલ ટ્રાન્સપોર્ટેશન વધે તે દિશામાં પણ પગલાં લેવા પડશે. નોલેજ સીટી તરીકે ડેવલપ થયેલ ગાંધીનગરમાં વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ્સની સુવિધાઓ મનપા રાહત દરે પુરી પીડે તેવી લાગણી પણ લોકોની છે.

### ૧૭૧ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામ્ય વિસ્તારમાં આજે જે ૮ બાળ દર્દી નોંધાયા છે તેમાં એક નવ દિવસની આયુ ધરાવતુ બાળક તેમજ ૮ માસની આયુ ધરાવતી દિકરીનો પણ સમાવેશ થાય છે. સોજામાં ૬ વર્ષનો દિકરો, કલોલ અર્બનમાં ૨ વર્ષનો દિકરો, કલોલ અર્બનમાં ૮ માસની દિકરી, ઉવારસદમાં ૯ વર્ષની દિકરી, રૂપાલમાં ૭ વર્ષની દિકરી, સી.આર.પી.એફ.માં ૭ વર્ષની દિકરી, મોટી આદરજમાં ૮ વર્ષનો દિકરો અને પાનસરમાં ૯ દિવસની આયુ ધરાવતા બાળક આજે સંક્રમિતોની યાદીમાં છે.

દહેગામ તાલુકામાં સિસોરીયા મોર, દહેગામ અર્બનમાં ૪, કડાદરામાં ૫, હરસોલીમાં ૪, હરખજીના મુવાડામાં ૨, ધનિયોલમાં ૩, ધારીસણમાં ૨, શગદલપુરમાં ૨, રખિયાલમાં ૩, બિલામણામાં ૨ ઉપરાંત મિરપુર, કનીપુર, ધમીજ, સાલુજીની મુવાડી, ભટાઈ, ઝાંક, રામનગર, મોટા જલુન્દ્રા, મીઠાના મુવાડા, પીંપળજ, પાલુન્દ્રા, ઓતમપુરા, વર્ધાનામુવાડા, સામેત્રી, ચેખલાપગી, જામનગરપુરામાંથી પણ કેસ મળી આવ્યા છે.

દહેગામ તાલુકાના અંતરિયાળ ગામોમાંથી કેસો મળવાના શરૂ થતાં તંત્રએ સઘન સર્વેલન્સ અને ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવાની સૂચનાઓ આપી છે. ગાંધીનગર તાલુકામાં સરઢવમાં ૨, મોટી આદરજમાં ૨, વાસણા રાઠોડમાં ૨, દોલારાણા વાસણામાં ૨, સી.આર.પી.એફ.માં ૪, દશેલામાં ૨, લવારપુરમાં ૨, ચિલોડામાં ૨, ગિયોડમાં ૪, ચંદ્રાલામાં ૨, છાલામાં ૩, રૂપાલમાં ૭, પિંડારડામાં ૨, બી.એસ.એફ. કેમ્પમાં ૨, શેરથામાં ૩, ઉવારસદમાં ૮ ઉપરાંત ડભોડા, સાદરા, મોટા ચિલોડા, ગિફ્ટસીટી, નવા પાલજ, કાનપુર, સોનીપુર, પીંપળજ, જમિયતપુરા, અડાલજ, રાયપુર અને મગોડીમાંથી પણ કેસો મળ્યા છે.

કલોલમાં બોરીસણાંથી ૪, અદાણી શાંતિગ્રામમાંથી ૧૦, કલોલ શહેરમાંથી ૧૮, પલિયડમાંથી ૩, નારદીપુરમાંથી ૨, ડીંગુચામાંથી ૨, ખોરજ ડાભીમાંથી ૨, નાસ્મેદમાંથી ૪ કેસ મળ્યા હોવા ઉપરાંત જાસપુર, વેડા, ગોલથરા, છત્રાલ, પાનસર, સાંતેજ, રાંચરડા, આરસોડિયા અને સઈજમાંથી પણ કેસ મળી આવેલ છે. માણસા તાલુકામાં પારસા, માણસા અર્બન, સોજા અને લિંબોદ્રામાંથી પણ કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૦૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. છેલ્લા ત્રણ દિવસમાં સાતસો દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યુ છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણ માટેની સૂચનાઓ આપવામાં આવી છે. આરોગ્યતંત્રના કર્મચારીઓ પણ વધુને વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

### ટ્રકોએ ઘેર્યું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંભળાઈ રહી છે. આ ટ્રક ચાલકો કેનેડાના ધ્વજને લહેરાવી રહ્યા છે અને આઝાદીની માંગ વાળા ધ્વજ પણ તેમની પાસે છે. તે વડાપ્રધાન ટ્રુડો વિરુદ્ધ નારેબાજી કરી રહ્યા છે. આ આંદોલનમાં ટ્રક ચાલકોને હજારોની સંખ્યામાં લોકોનો સાથ મળી રહ્યો છે. આ તમામ લોકો કોરોનાના પ્રતિબંધોને કારણે રોષે ભરાયેલા છે. ઓટાવાના રસ્તા પર વિશાળકાય ટ્રકોના અવાજ સતત સંભળાઈ રહ્યા છે અને ડ્રાઈવર્સ હોર્ન વગાડી વગાડીને સરકારનો વિરોધ કરી રહ્યા છે. તેઓ સંસદ પાસે પહોંચી ગયા છે. મીડિયા રિપોર્ટ અનુસાર, કેનેડાના વડાપ્રધાન પોતાના પરિવાર સાથે સુરક્ષિત અને ગુપ્ત સ્થાન પર પહોંચી ગયા છે. વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ કહ્યુ હતું કે, ટ્રક ચાલકો વિજ્ઞાનના વિરોધી છે. તેઓ માત્ર પોતાના માટે જ નહીં, કેનેડાના અન્ય લોકો માટે પણ જોખમ ઉભું કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે કેનેડામાં અત્યાર સુધી ૮૨ ટકા લોકોને કોરોનાની રસી લાગી ચૂકી છે.

### આતંકી ઠાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી હતી. સુરક્ષા દળોએ ત્યાં ઘેરાબંધી ઓપરેશન શરૂ કર્યું. જ્યારે સુરક્ષાકર્મીઓ સર્ચ કરી રહ્યા હતા ત્યારે, છુપાયેલા આતંકીઓએ તેમની પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી અને એક્રાઉન્ટર શરૂ થયું. તેમણે કહ્યું કે, બંને તરફથી અનેક રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેમાં ૪ આતંકવાદીઓ માર્યા ગયા હતા. બીજી તરફ, બડગામ જિલ્લાના ચારાર-એ-શરીફ વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે વધુ એક અથડામણ થઈ. આ અથડામણમાં વધુ એક આતંકી માર્યો ગયો છે. આતંકીઓ પાસેથી એક છન્ન-૪૭ રાઈફલ મળી આવી છે. સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો છે અને સર્ચ ઓપરેશન ચાલુ છે. નોંધનીય છે કે, જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં આતંકવાદીએ પોલીસ જવાનને નિશાન બનાવીને ફાયરિંગ કર્યું હતું. આતંકવાદીના ફાયરિંગમાં પોલીસ જવાન શહીદ થયાનું જમ્મુ-કાશ્મીર પોલીસે નિવેદન આપ્યું હતું. આતંકવાદીઓને પકડી લેવા માટે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. જમ્મુ-કાશ્મીર પોલીસે આપેલી વિગતો પ્રમાણે અનંતનાગમાં આતંકવાદીએ પોલીસ જવાન ઉપર અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું, જેમાં જમ્મુ-કાશ્મીર પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અલી મોહમ્મદ ગની ગંભીર રીતે ઘાયલ થયા હતા. હોસ્પિટલમાં તેઓ શહીદ થયા હતા.

### વધાર્યું ટેન્શન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રસીની અસરકારકતા BA.1 માટે નવ ટકા અને મ્છ.૨ માટે ૧૩ ટકા હતી. ત્રીજી રસી પછી, આ અસરકારકતા બે અઠવાડિયામાં વધીને મ્છ.૧ માટે ૬૩ ટકા અને મ્છ.૨ માટે ૭૦ ટકા થઈ ગઈ.' દ્રઉઁજીછના ચીફ મેડિકલ એડવાઈઝર ડૉ. સુસાન હોપકિન્સે કહ્યું, અમે હવે જાણીએ છીએ કે મ્છ.૨ના સંક્રમણ દરમાં વધારો થયો છે જે ઈંગ્લેન્ડના તમામ વિસ્તારોમાં જોઈ શકાય છે. અમે એ પણ શીખ્યા છીએ કે મ્છ.૨નો સંક્રમણ દર મ્છ.૧ કરતા વધારે છે. તેમણે કહ્યું, 'હોસ્પિટલમાં દાખલ થવા અને મૃત્યુના ઓછા કેસ છે. જો કે કેટલાક પ્રદેશો અને અમુક વય જૂથોમાં હજુ પણ કેસ વધુ છે, એટલા માટે મહત્વનું છે કે આપણે સાવધાનીથી કામ કરવાનું ચાલુ રાખીએ કારણ કે પ્રતિબંધ દૂર કરવામાં આવ્યા છે.

### આજનો દિવસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મિનિટમાં ૧૦૯ પુશ-અપ કરવાનો રેકોર્ડ બનાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, એક કરોડથી વધુ બાળકોએ તેમની મન કી બાત મને પોસ્ટકાર્ડ દ્વારા મોકલી છે. આ પોસ્ટકાર્ડ દેશના અલગ-અલગ સ્થળોએથી તેમજ વિદેશમાંથી પણ આવ્યા છે. મને ભારતના મિત્ર દેશ ક્રોએશિયા તરફથી પણ ૭૫ પોસ્ટકાર્ડ મળ્યા છે. આ પોસ્ટકાર્ડ્સ આપણા દેશના ભવિષ્ય માટે આપણી નવી પેઢીની વ્યાપક દ્રષ્ટિની ઝલક આપે છે. આપણે જોયું કે ઈન્ડિયા ગેટ પાસેની 'અમર જવાન જ્યોતિ અને નજીકના રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકમાં પ્રગટેલી જ્યોતિ એક થઈ ગઈ હતી. અમૃત મહોત્સવના કાર્યક્રમો વચ્ચે દેશમાં અનેક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પુરસ્કારો પણ આપવામાં આવ્યા હતા.

એક છે વડાપ્રધાનનો રાષ્ટ્રીય બાળ પુરસ્કાર. આ પુરસ્કારો એવા બાળકોને મળવા જોઈએ જેમણે નાની ઉંમરમાં બોલ્ડ અને પ્રેરણાદાયી કાર્ય કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાજઘાટ પર મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મન કી બાત કાર્યક્રમમાં પણ ગાંધીજીને સલામ કરી હતી. મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજનો દિવસ બાપુના શિક્ષણને યાદ કરવાનો દિવસ છે. તે ૩૦ જાન્યુઆરી એટલે કે ગાંધીજીની પુણ્યતિથિથી શરૂ થશે અને ચાલુ રહેશે. થોડા દિવસો પહેલા અમે પ્રજાસત્તાક દિવસની પણ ઉજવણી કરી હતી. રાષ્ટ્રની બહાદુરી અને શક્તિની ઝાંખી, જે આપણે રાજપથ પર જોઈ, જે દરેકને ગર્વ અને ઉત્સાહથી ભરી દે છે. વડાપ્રધાન કાર્યાલય દ્વારા કહેવામાં આવ્યું હતુ કે, ૩૦મીએ યોજાનારી આ મહિનાની મન કી બાત ગાંધીજીને તેમની પુણ્યતિથિ પર યાદ કરીને સવારે ૧૧.૩૦ વાગ્યે શરૂ થશે. અગાઉ, કાર્યક્રમ દર વખતે સવારે ૧૧ વાગ્યે શરૂ થતો હતો. જે પીએમ મોદીની ઓફિશિયલ યુટ્યુબ ચેનલ પર જોઈ શકાય છે. દૂરદર્શન પર તેનું જીવંત પ્રસારણ પણ કરવામાં આવે છે. મન કી બાતએ વડાપ્રધાનનો માસિક રેડિયો કાર્યક્રમ છે, જે દર મહિનાના છેલ્લા રવિવારે પ્રસારિત થાય છે. નોંધનીય છે કે, ૨૦૧૪ બાદથી પીએમ મોદીએ આ કાર્યક્રમની શરૂઆત કરી હતી. જેમાં તેઓ દેશની જનતા સાથે વિવિધ મુદ્દાઓ પર વાત કરે છે. આ કાર્યક્રમનું સામાન્ય રીતે મહિનાના છેલ્લા રવિવારે પ્રસારણ થાય છે. તેનો પહેલો એપિસોડ ઓક્ટોબર ૨૦૧૪માં પ્રસારિત થયો હતો.